પાણીની ચિંતામાં તું આટલો દૂબળો થઈ ગયો ? અરે ભાઈ ! પાણી તો અહીં અઢળક છે. વોટર સ્પોર્ટ્સ ને વોટર પાર્ક કેવા ભરપૂર ચાલે છે એ શું તું નથી જાણતો ?

મહાપુરુષ સ્મૃતિ સ્મારક સેવા ટ્રસ્ટ દ્વારા નવગુજરાત કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ સાથે સ્વામિ વિવેકાનંદની સ્મૃતિની ભવ્ય ઉજવણી કરીને વિદ્યાર્થીઓને 'યુવાનોને સંદેશ' નામનું પુસ્તક અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર, સામાજિક કાર્યકર હર્ષદભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવલ, નવગુજરાત કૉમર્સ કૉલેજના પ્રિન્સીપાલ એસ કે મનસુરી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે યુવાન વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક ઉદ્‌બોધન કર્યું હતું.

જલારામ સેવા સમાજ તરફથી તેજસ્વી તારલાઓનું સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ધોરણ-૧ થી ૧૨ અને સ્નાતર, અનુસ્નાતક તેજસ્વી તારલાઓને સન્માનવાનો વિદ્યા પુરસ્કાર સમારંભ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય યોગેશભાઈ દક્ષિણી અને પુજાબેન કકડના ભજનથી થયો હતો. પ્રમુખ અમૃતભાઈ ઠક્કર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપ પ્રમુખ અરવિંદભાઈ ઠક્કરે સ્મૃતિ ચિહ્ન કરી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મંત્રી જીતેન્દ્રભાઈએ સંસ્થાની પ્રવૃત્તિઓથી માહિતગાર કરેલ હતા. ભગવતભાઈ ઠક્કરે તેજસ્વી તારલાઓ અંગેની જાણકારી આપી હતી. ખજાનચી રમેશભાઈ પુજારા, ભકતીકાંતભાઈ કારીયા, રમેશભાઈ તન્ના, બીપીનભાઈ ઠક્કર, કિશોરભાઈ હીંડોચાએ કાર્યક્રમ સફળ બનાવવા પ્રયત્નો કરેલ હતા. ધો.૧૦ની ટ્રોફી કુ. કોમલ એન. ઠક્કર, ધો.૧૨માં જય એ. રાણાને એનાયત કરવામાં આવેલ હતી.

મોહિત પ્રવિણચંદ્ર ઠક્કરને ગૌરવ પુરસ્કાર આપવામાં આવેલ હતો. પુરસ્કાર વિજેતા સ્મીત ઠક્કરે, ઋતુ પુજારા, દિવ્યાંગ ઠક્કર, કોમલ ઠક્કર, ડૉ. જીગર ઠક્કરે પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

વેદાંત આચાર્ય ફુલશંકર શાસ્ત્રજીએ આર્શીવચન પાઠવ્યા હતા. રાજયકક્ષાના શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણે મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ ભગવાનભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાએ કન્યા કેળવણી મુખ્યમંત્રી ફંડમાં ૨૦૦૧નો ચેક મંત્રી જયસિંહ ચૌહાણને આપેલ હતો. આ પ્રસંગે કારોબારીના સભ્યોએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

રોહિત સમાજ એકતા સંમેલન ૨૫મી ઓગસ્ટે ટાઉન હોલમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રોહિત સમાજ સંગઠન દ્વારા તા. ૨૫મી ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે સરકારી નોકરીમાં નવી નિમણુંક પામેલા સમાજ બંધુઓનું સન્માન. ૭૫ વર્ષથી વધુ ઉંમરના સમાજના વડીલ ભાઈ-બહેનોનું સન્માન, રોહિત સમાજના ગુજરાતમાં વસતા આગેવાનોનું સન્માનનો કાર્યક્રમ ગોઠવેલ છે. જેમાં સમગ્ર રોહિત સમાજને હાજર રહેવા અપીલ કરવામાં આવેલ છે.

ભરતસિંહ સોલંકી મંત્રી રેલ્વે રાજયકક્ષા, ભારત સરકાર, સંમેલનનું ઉદ્‌ઘાટન કરશે. પ્રમુખ સ્થાન એન.એલ. પરમાર, પ્રમુખ ગુજરાત રોહિત સમાજ સંગઠન આર્શીવરચન પરમ પૂ. રમણ જયમાડી, મા મેલડી કેયલ ધામ, પ્રદિપમાડી શેરથા આપશશે. આ ઉપરાંત અર્જુનભાઈ મોઢવાડિયા પ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, મુકેશભાઈ ગુર્જર, મહેન્દ્રસિંહ રાણા મેયર મહાનગર પાલિકા ગાંધીનગર, ડૉ. રમેશચંદ્ર પરમાર અધ્યક્ષ ભારતીય દલીત પેન્થર, અંબાલાલ રોહિત નાયબ દંડક ગુજરાત સરકાર, ડૉ. દિનેશભાઈ પરમાર, આત્મારામ પરમાર, સી.ડે. ચાવડા, રાવજીભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ તથા મહાનુભાવો હાજર રહેનાર છે. એલ.એન. પરમાર, લલિત સોલંકી તથા રમણીકલાલ પરમારે હાજર રહેવા અપીલ કરી છે.

એસ. જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં વિવિધ ડેની ઉજવણી કરવામાં આવી

ફાધર્સ ડે અને વર્લ્ડ સાયન્ટીફિક ડે સાથે વર્ષ દરમિયાન વિવિધ ડે ઉજવવાનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલા કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં ફાધર્સ ડે અને વર્લ્ડ સાયન્ટીફિક ડેની બે માસ દરમિયાન ખૂબ જ વિધવિધ પ્રવૃત્તિઓ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના આચાર્યા અંજલિબેન ટેકવાને એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે શાળાના વિદ્યાર્થીઓ માતા-પિતા પ્રત્યેનો આદર કેળવી શકે અને આત્મીય સંબંધને વધુ ગાઢ કરી શકે તે માટે શાળામાં કે.જી.થી ધો-૮ સુધીના વિદ્યાર્થીઓ માટે ફાધર્સ ડેની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ફાધર્સ ડે ને માત્ર એક દિવસ પૂરતો સિમિત ન રાખતા અઠવાડિયાઓ સુધી ઉજવવામાં આવ્યો હતો. બાળકોએ પોતાના પિતાને સુંદર મઝાનું કાર્ડ શાળામાં તૈયાર કરીને ગીફટમાં આપ્યું હતું. પિતૃવાત્સલ્યને લગતા ગીતોનું ગાન અને અભિનય દ્વારા નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ ચાર્ટસ અને કવિતાઓ, સ્ટોરી અને ચિત્રો પણ શાળાના બુલેટીન બોર્ડ ઉપર મૂકીને પિતૃ વાત્સલ્ય બાળકો દ્વારા પ્રગટ કરવામાં આવ્યું હતું.

શાળામાં ફાધર્સ ડે ઉપરાંત વર્લ્ડ સાયન્ટિફિક ડેની પણ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાના કે.જી.થી માંડીને ધોરણ-૮ સુધીના બાળકોએ વર્લ્ડ સાયન્ટિફિક ડેમાં રસપૂર્વક ભાગ લઈ વિવિધ ચાર્ટસ અને અભિનય રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉચ્ચ પ્રાથમિક વિભાગના બાળકોએ ખાસ કરીને રાઈટ બ્રધર્સ, ગ્રેહામ બેલ, ચાર્લ્સ બેબેજ, આઈન્સ્ટાઈન વગેરે વૈજ્ઞાનિકોના ફોટા, પ્રયોગોની વિગતો રજૂ કરતા ચાર્ટસ બાળકોએ તૈયાર કર્યા હતા. આ ઉપરાંત દેશ અને વિદેશના વૈજ્ઞાનિકોની વેશભૂષા સાથે સુંદર મઝાના પ્રયોગાત્મક કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના 'એ', 'બી' અને 'સી' વિભાગના દરેક ધોરણના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વિવિધ ડેની ઉજવણીમાં રસપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બાળકો પશ્ચિમની સંસ્કૃતિની આડ અસરોને ભૂલે અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે તે માટે શાળા પરિવારે વિવિધ ડેની વર્ષ દરમિયાન ઉજવણી કરવાનું આયોજન કર્યું છે.

ગાંધીનગર ખાતે જીઈસી દ્વારા ઈકો-સિસ્ટમ મેનેજમેન્ટ માટે શિક્ષકોનો તાલિમ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત ઈકોલોજીકલ કમિશન (જીઈસી) દ્વારા આજે ગાંધીનગરમાં હાયર સેકન્ડરીના શિક્ષકોને ઈકોસિસ્ટમના મેનેજમેન્ટ અને ઈકો સિસ્ટમની જાળવણી અંગે જાણકારી આપવા ગીર ફાઉન્ડેશના કોન્ફરન્સ હોલમાં એક તાલિમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે ગાંધીનગરમાંઆ પ્રકારના પ્રથમ તાલિમ કાર્યક્રમનું જીઈસીના સભ્ય સચિવ શ્રી એ.કે. વર્મા, આઈએફએસ, માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ શ્રી અમ.આઈ. જોષી તથા ગીર ફાઉન્ડેશનના ડિરેકટર શ્રી ભરત પાઠકની, આઈએફએસ હાજરીમાં વન વિભાગના અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. સી.એન. પાંડે, આઈએસએફ દ્વારા કરવામાંઆવ્યુંહતું.

હાયર સેકન્ડરીના વિજ્ઞાનના શિક્ષકોને અને ખાસ કરીને જીવવિજ્ઞાનના શિક્ષકોને પર્યાવરણની સુરક્ષા અંગે જાણકારી આપવા તથા તેમનામાં આ કામગીરી માટે ક્ષમતા વદ્ધિ થાય અને હાયર સેકન્ડરી સ્તરના વિદ્યાર્થીઓમાં ઈકો સિસ્ટમની જાળવણી અંગેનો સંદેશો પ્રસરે તે હેતુથી વન અને પર્યાવરણ વિભાગને હાયર સેકન્ડરી સ્તરના વિદ્યાર્થીઓનો સક્રિય સહયોગ પ્રાપ્ત થાયતે હેતુથી ગુજરાત ઈકોલોજીકલ કમિશન (જીઈસી) દ્વારા ઈકોસિસ્ટમના મેનેજમેન્ટ અને ઈકો સિસ્ટમની જાળવણી અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમનો મૂળભૂત ઉદ્દેશ વિદ્યાર્થીઓના માધ્યમથી મોટા સમુદાય સુધી પહોંચીને ભાવિ પેઢીમાં પર્યાવરણની જાળવણી અંગે સંવેદના જગાવવાનો છે. આ કાર્યક્રમ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડના સહયોગથી હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ હાયર સેકન્ડરીના વિજ્ઞાન વિષયના કુલ ૧૫૦૦ શિક્ષકોને પર્યાવરણની જાળવણી અંગેના તેમના જ્ઞાનમાં વૃદ્ધિ માટે તાલિમ આપવામાં આવશે.

આ કાર્યક્રમ હેઠળ જે મુખ્ય વિષયો શિખવવામાં આવશે તેમાં પર્યાવરણની મૂળભૂત બાબતો, પર્યાવરણલક્ષી નીતિમત્તા, પર્યાવરણલક્ષી નિર્ણયો, વિશ્વ, દેશ અને રાજયોના સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ગુજરાતનું સ્થાન અને તેની અસરો તેમજ બાયોડાયવર્સિટી તથા ગુજરાત સરકારે તથા બિનસરકારી સંસ્થાઓએ આ ક્ષેત્રે લીધેલાં વિવિધ પગલાંનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોના જાણીતા નિષ્ણાતો પ્રવચનો આપશે.

અહીં એ બાબત નોંધવી યોગ્ય જણાશે કે ૧૨મા ધોરણના હાલના અભ્યાસક્રમમાં પર્યાવરણ અંગેનાં ત્રણ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં ઈકો સિસ્ટમ, બાયોડાયવર્સિટી તથા પર્યાવરણલક્ષી મુદ્દાઓ અંગે વ્યાપકપણે ચિતાર આપવામાં આવ્યો છે. અભ્યાસક્રમમાં આવરી લેવાયેલી થિયરી વિષયક મૂળભૂત બાબતો દ્વારા હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓને આ બાબતે સંવેદનશીલ બનાવવા માટે પૂરતી નથી. આથી શિક્ષકોએ પાઠયપુસ્તકમાં આપેલી માહિતીથી આગળ વધીને વાસ્તવિક જીંદગીનાં ઉદાહરણો ટાંકીને આ અંગે શિક્ષણ આપવાનું રહે છે. તેઓ થિયરીની બાબતને અન્ય નવતર શિક્ષણ પધ્ધતિ મારફતે પણ આવરી લઈ શકે છે. આ એક દિવસનો તાલિમ કાર્યક્રમ પર્યાવરણ અંગેની આ બધી બાબતોની જરુરિયાત સંતોષાય તેને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં પર્યાવરણને ક્ષેત્રે ઉપલબ્ધ તકો તથા વિદ્યાર્થીઓને પર્યાવરણનું શિક્ષણ આપવાના વિવિધ પ્રકારોને પણ આવરી લેવાયા છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચ દ્વારા શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની દ્વિતિય વર્ષની વિદ્યાર્થીનીઓ માટે અભ્યાસક્રમના ભાગરૂપે ફર્સ્ટ એઈડ અવેરનેસ ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ તાલીમ સંસ્થાના વાઈસ ચેરમેન જિગ્નેશ રાવલ દ્વારા આપવામાં આવી હતી.

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

મનમાં શાંતિ હોવી એ મહત્વની બાબત છે

प्रसादे सर्वदुःखानाम् हानिरस्योपजायते ।
प्रसन्न चेतसो हयाशु बुद्धिः पर्यवतिष्ठते ॥

'અન્તઃકરણ પ્રસન્ન થતાં સાધકનાં સર્વ દુઃખોનો અંત આવે છે પ્રસન્નચિત્ત કર્મયોગીની બુદ્ધિ તત્કાલ એક માત્ર પરમ તત્વ પરમાત્મામાં સારી પેઠે સ્થિર થઈ જાય છે.'

આપણા અત્યારના ઝડપી જીવનમાં કૃત્રિમતા વધતી જાય છે. આપણે મન મુકીને નથી ખડખડાટ હસતા કે નથી ક્યારેય છાતીફાટ રડતા. લાગણીઓની અભિવ્યક્તિ પર 'રોક' લાગી છે. પરિણામે 'ટેન્શન-સ્ટ્રેસ, ઍટેક' ના પ્રશ્નો ઉભા થાય છે. આનાથી બચવા ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભાગવત-ગીતાજીના બીજા અધ્યાયમાં સંસારમાં વસતાં-છતાં, વાણી- વિચાર અને વર્તનમાં શાંત ભેવે વર્તવા સ્થિતપ્રજ્ઞ વ્યક્તિઓનાં લક્ષણો દર્શાવ્યા છે. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનું મન સદા પ્રસન્ન રહેતું હોય છે. ભગવાને ચિત્તની પ્રસન્નતા માટે પ્રસાદ શબ્દ મુક્યો છે. પ્રસાદએ માનસિક સ્થિતિ દર્શાવતો શબ્દ છે. પ્રસાદ એટલે મનની શાંતિ, આ એક અલગ વાત છે દૈનિક જીવનમાં આપણે હસીએ કે રડીએ.. પરંતુ, તે બધા સમયાન્તરે આવતા બાહ્યુય વિકારો છે. વિકારી મનમાં શાંતિની સ્થાપના ન થાય. માત્ર આત્મતુષ્ટ કે આત્મતૃપ્ત વ્યક્તિઓને જ મનની શાંતિ પ્રાપ્ત થાય છે. આ પ્રકારના સતત રહેતા શાંતિભાવને પ્રસાદ કહેવામાં આવે છે. પ્રસાદ એટલે ભગવાનની કૃપા અને તેથી પ્રાપ્ત થતી મનની પ્રસન્નતા, ટેન્શનમય જીવનમાંથી મુક્ત થવા માટે મનને શાંત તથા પ્રસન્ન રાખવું અતિ આવશ્યક છે.

મનમાં શાંતિ હોવી એ મહત્વની બાબત છે. શાંતિ આંતરિક ભાવનાથી સ્ફૂટ થતું અને સતત વહેતું ઝરણું છે. એ કોઈ બાહ્ય દેખાવ નથી. આજના આપણા દંભી સમાજમાં, આપણે સૌ અવારનવાર મુખ પર 'ચાર ઈંચનું' સ્માઈલ ફરકાવ્યા કરીએ છીએ. લાફિંગ કલબોમાં જઈ હસવાનો ઢોંગ કરીએ છીએ. પરંતુ આ બાહ્ય ચારો મનમાં શાંતિ કે આનંદ સ્થાપવામાં તદ્દન નિષ્ફળ જાય છે. તેનાથી મનમાં શાંતિનો અનુભવ થતો નથી. કદાચ ઘડીભર સુખનો આસાયેશ થાય ખરો, પણ એ સુખ કાયમી આનંદ નથી આપી શકતું. કાયમી આનંદની પ્રાપ્તિ માટે તો વૃત્તિઓનું સમત્વ સાધી મનને સ્થિર તથા વિચાર વિહિન કરવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. તમામ વૃત્તિઓને પરમાત્મા તરફ વાળવી જોઈએ. તેથી પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય. સામાન્યતઃ મનની ચંચળતાનો આપણે સૌ અનુભવ કરતાં હોઈએ છીએ. અર્જુને મનને વાયુ જેવું ગતિશીલ તથા ચંચળ ગણાવ્યું જ છે ને. માનવીનું મન કંઈક પ્રાપ્ત કરવા અથવા તો પ્રાપ્ત વસ્તુથી કંટાળી તેનો ત્યાગ કરવા સદાય સતત દોડતું રહે છે. મનની આ દૌડ વિવિધ માંગોને ઊભી કરે છે. જો આપણે મનની આ અનેક માંગોને તાબે થઈએ તો પછી તેનો ક્યારેય અંત આવતો નથી. 'બાવાજીની લંગોટી' ની વાર્તા જેમ એક પછી એક માંગ વધતી જાય છે. વાસનાઓ કે કામનાઓ વધતી જાય છે. વાસનાઓ જ મનની તમામ પ્રવૃત્તિઓનું પ્રેરક બળ બનતી હોય છે. વાસનાઓ જ કર્મ કરવા મનને તૈયાર કરે છે. આમાંથી છૂટવા માટે મનની અટપટને તાબે ન થતાં મનને સ્વાધિન કરવાનો જ પ્રયત્ન કરવો જરૂરી છે. વાસનાઓની પ્રેરિત મન વ્યક્તિનું અધઃપતન કેવી રીતે કરે છે તે ભગવાને તાર્કિક રીતે સમજાવ્યું છે. કોઈપણ પદાર્થ- વસ્તુ કે વ્યક્તિ પરત્વેનું અત્યાધિક ચિંતન આસકિત પેદા કરે છે. જો કે ચિંતના પ્રારંભે તો વ્યક્તિ પોતાની જાતને છેતરતી હોય છે કે પછી છેતરામણ હોય છે. દારૂ- તમાકુના વ્યસનીઓ પ્રારંભમાં પોતાને કંઈ અસર નહીં થાય તેવી શેખ મારતાં હોય છે પણ ધીમે ધીમે મન તેને ઊંડાણમાં ખેંચી જાય છે. જેથી વ્યક્તિના મનમાં પદાર્થ પ્રાપ્ત કરવાની કામનાઓ જાગે છે. ઈચ્છા બળવત્તર બનતાં એ વસ્તુ મને મળવી જ જોઈએ તેવી ભાવના થવા લાગે છે. 'આ તો મને જ મળવું જોઈએ.. તે માટે ગમે તે ભોગ આપીશ..' તેવા નિર્ણય બંધાય છે. પતનના આ તબક્કે જો કંઈ વિઘ્ન આવે, કોઈ સમજાવે, અડચણ થાય તો ક્રોધ ઉપજે છે. ક્રોધ એ તો તમામ અવગુણોના પાયામાં છે. ભગવાને તને 'નર્કનો દરવાજો' કહેલ છે. ક્રોધથી વ્યક્તિ વિવેકભાન ભૂલી જાય છે અને 'વિવેક- ભ્રષ્ટાતાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ !' ના ન્યાતે તેનું અધઃપતન થાય છે. આવી વિવેક ભ્રષ્ટ તથા સંયમ રહિત વ્યકિતને ભગવાન અવશ્ય સજા કરે છે. સજાનો પ્રકાર જણાવતાં કહે છે 'હું કોઈને દંડ વડે ફટકારતો નથી. પણ જેને સજા કરવી હોય તેની બુદ્ધિ ભ્રષ્ટ કરી દઉં છું.' લાકડીના પ્રહાર કરતાં સહસ્ત્રગણો માર છે પણ આપણને તેનો ખ્યાલ આવતો નથી. ભગવાન જ્યારે કૃપા કરે ત્યારે બુદ્ધિમાં સ્થિરતા આપી સારાસાર વિવેક શીખવે છે. બુદ્ધિની સ્થિરતા પામનાર વ્યક્તિની ઈન્દ્રિયો સ્વાધિન હોય છે. સ્વાધિન મનવાળી વ્યક્તિ ઈન્દ્રિયોને વિષયભોગમાં વિચારવા નથી દેતી. જો કોઈ સંતની ઈન્દ્રિયો વિષયોમાં વિચરતી જણાય તો પણ તેના અંતઃકરણમાં પરમાત્મા જ વસેલા હોય છે. ગીતામાં આવી વ્યક્તિને 'સ્થિરાત્મા' કહેલ છે. સામાન્ય વ્યક્તિ પ્રયત્નપૂર્વક ઈન્દ્રિયો પર કાબુ રાખી શકે છે- ખરો. પણ જો ચિત્તમાં વિષય પરત્વે ર, રહી ગયો હોય તો ચિત્ત કલ્પનામાં પણ ભોગ ભોગવી લે છે. ચિત જ્યાં સુધી પૂર્ણપણે અનાસક્ત ન થાય ત્યાં સુધી આ લીલા ચાલતી રહે છે. ચિત્તને આ અવસ્થામાંથી હટાવા માટે વિચાર તથા વર્તનમાં સામ્ય સાધી, જીવન પસાર કરવું જોઈએ. આવા જીવન જીવવા માટે અંતઃકરણની શુદ્ધિ અતિ આવશ્યક છે. રાગ અને દ્વેષ જો છૂટે તો અંતઃકરણ શુદ્ધ થાય. રાગ અને દ્વેષને અંતઃકરણના મળ કહેવામાં આવે છે. અંતઃકરણના આ મળ પરત્વે દૃષ્ટિ ન કરતાં દૃષ્ટિ પરમાત્મા તરફ વાળવી. આથી ચિત્ત આપોઆપ નિર્મળ બનશે. નિર્મળ ચિત્ત જ પ્રસન્નતા અનુભવે છે. ચિતત્તની પ્રસન્નતા બાહ્ય સાધનોમાં શોધવાની જરૂર નથી. વાસનાથી વિહવળ બનેલું મન ભૂલી જાય છે કે આનંદ તો મોહી પડયો છે. સંસારના તમામ ભોગો ઈન્દ્રિયોના તેજને હણનારા છે. મનને પરમ તત્વ સાથે જોડાવાથી પ્રસન્નતાની અદ્‌ભુત ખાણ હાથ લાગી જાય છે. જો વ્યક્તિને ભાન થાય કે વિષયભોગ તો ધીમું મીઠું ઝેર છે તો વ્યક્તિ જાગૃત થાય તે પરમાત્મા તરફ અભિમુખ થાય.

પ્રસન્ન ચિત્તવાળાના દુઃખો નાશ પામે છે. તેવું કહેવાયું છે એટલે તેવી વ્યક્તિઓને દુઃખો ન આવે તેમ નહીં તેઓ પણ સંસારમાં વસે છે. સંસારના સુખ-દુખો તો આવવાના પણ દુઃખો તેને દુઃખી નથી કરી શકતા. ગમે તેવી પરિસ્થિતિમાં તેઓ તટસ્થ રહી શાંતિથી દુખ કે સુખને સહન કરી લે છે. પરિસ્થિતિ કે પદાર્થ સાથેનું આપણું 'ઈન્વોલમેન્ટ' સુખ-દુખ સર્જવામાં કારણભૂત હોય છે. જ્યારે વ્યક્તિ સાક્ષી ભાવે અવલોકન કરે તો છૂટી શકે છે. સોકેટીસની પત્ની કર્કશા હતા. વાતચિતમાં મગ્ન સોકેટીસ જમવા ન ઉઠ્યા તો પ્રથમ વાસણ ખખડાવ્યા તેની અસર ન થઈ તો ઉપર પાણી રેડ્યું ત્યારે સોકેટીસ જુઓ હું નહોતો કહેતો. ગડગડાટ પછી વરસાદ થવાનો.. આપણાં ત્યાં તુકારામને પણ કોઈ ભાર્યા મળેલી. તુકારામની પીઠ પર શેરડીનો સાંઠો માર્યો. તો તેને બે કટકા થઈ ગયા. તુકારામ હસીને કહે 'વાહ તુ કેટલી સમજુંછો. બરાબર બે ભાગ કરી દીધા.. આવી વ્યક્તિને દુખો હેરાન ન કરી શકે. વિકટ પરિસ્થિતિમાં પણ જે મનની સમતા જાળવી શકે તેજ પ્રસન્નચિત રહી શકે. સુખ અને દુઃખથી નિવૃત થયેલું ચિત્ત પરમને શરણે જ જાય. વિચારોનો તર્કનો અંત આવતાં બિદ્ધિ નિર્મળ બને છે. તેને જ્ઞાન બાધે છે. જ્ઞાની પુરુષ સંકત માત્રથી તત્વને જાણી શકે છે. તે તો આંતરિક વહેતાં ચેતના પ્રવાહ પરત્વે જ ધ્યાન આપે છે. તેને ન તો જીવનની અભિલાષા હોય, ન તો મરણનો ડર હોય. આવી વ્યક્તિના બાહ્ય આચાર-વિચારમાં કંઈ ફેર ન હોય. એ તો સહજ સાદું જીવન જીવે. ધર્મના માર્ગે ચાલે. તેની ચિત્તની પ્રસન્નતા જ તેને ધર્મનો માર્ગ ચિંધાડે. દિન-પ્રતિદિન તેનું મન વધારેમાં વધારે નિર્મળ થતું જાય. પરિણામ તેના રોજ-બરોજના કર્મોમાં પણ તે પ્રસન્નતા પૂર્વક ભાગ લે. રાજા જનક પણ સ્થિતપ્રજ્ઞ હોઈ શકે ને શુક મુનિ પણ.

ચિતની પ્રસન્નતા પામવા વાસના મુક્ત થવું જરૂરી છે. આવતા દરેક પ્રસંગને સારા કે માઠા ને પરમાત્માએ જ મોકલાવ્યા છે તેમ માની તેને સ્વીકારી લેવા. અસંતોષની વારંવાર અભિવ્યક્તિ કરવાથી ઉલટાનો પ્રસંગ બગડે ને મન બગડે. કિ.ઘ. મશરૂવાળા નોંધે છે.

'પામ્યો પ્રસન્નતા તેના દુઃખો સૌ નાશ પામતા, પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શિઘ્ર બને સ્થિર...' (ગીતા ધ્વનિ)

આ જન્મે તો તારો જુદારો જીરવી જાઉં છું પણ આવતે જન્મે મારે ઘેર દીકરી થઈને અવતરજે, બેટા !

સંબંધ સજાવે જિંદગી
વધૂ વ્હાલનો દરિયો

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

'તમે મારા ભૂતકાળ વિશે તો જાણો જ છો.'

'હા, જાણું છું.'

'એ જાણીને જ તમે મારી સાથે લગ્ન કરવા તૈયાર થયા છો એટલે એ બધા સવાલો તમને નથી પૂછતી પણ એક વાત જે તમે નથી જાણતા અથવા તો મારે તમને જણાવવી જોઈએ એ વાત કહેવા માગું છું.'

'હું સાંભળું છું.'

'મેં મારા પપ્પાજીને એવું વચન આપ્યું છે કે હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી એમના માટે ભોજન હું જ બનાવીશ.'

'તો ?'

'તો એટલે ?'

'તો એટલે હું એમ જાણવા માગું છું કે આખરે તું મને કહેવા શું માગે છે ?'

'હું તમને કહેવા એ માગું છું કે હું લગ્ન કરી શકું છું તમારી સાથે પરંતુ લગ્ન પછી પણ મારા ઍક્સ સસરાને ટિફીન પહોંચાડવાની વાત આપણી વચ્ચે તકરાર ઊભી કરી શકે એમ છે એટલે હું લગ્ન માટે હા નથી પાડી શકતી.'

'એવું તારું માનવું છે.'

'તો તમારું શું માનવું છે.'

'હું એવું માનું છું કે આ વાત આપણી વચ્ચે તકરાર નહીં ઊભી કરી શકે એટલે તારે લગ્ન માટે હા પાડવી જોઈએ.'

નંદિતાએ પછી આગળ દલિલ ન કરી. પોતાના ઍક્સ સસરાના આશીર્વાદ લઈને એ પરણી ગઈ નંદિશ જોડે.

ઍક્સ સસરા એટલે નંદિતાના પહેલા પતિના પિતા. યુવાન નંદિતાનાં લગ્ન વડીલોની સંમતિથી થયાં હતાં. સાસરિયા પક્ષમાં ઘરે માત્ર સસરા જ હતા. સાસરે આવ્યા પછી નંદિતાને એ બાબતનો ખ્યાલ આવ્યો હતો કે પતિને પોતાનામાં રસ નથી, હા સસરા બાપથીય ચડે એવા વત્સલ હતા. બસ એ જ કારણે પતિથી દૂર રહીને પણ નંદિતા ઘરમાં ટકી રહી. પતિનો પ્રેમ નહતો મળતો પણ પિતાનું વાત્સલ્ય ભરપૂર મળતું હતું.

પરંતુ, એ નસીબ પણ બહુ દિવસ ફાવ્યું નહીં. બીજી સ્ત્રી સાથે નીકટતા કેળવી ચૂકેલા પતિએ છૂટા થવાની વાત કરી ત્યારે નંદિતા ઈનકાર ન કરી શકી. કારણ બે હતાં - પહેલું એ કે જે સંબંધ બંધાયો જ ન હતો એને તોડવાનો ઈનકાર કરવાનું એને કોઈ કારણ દેખાતું ન હતું અને બીજું કારણ એ કે પતિએ એને વિનંતી કરી હતી કે નંદિતા એને છૂટો કરશે તો જ પોતે બીજી સ્ત્રી સાથે ઘર માંડી શકશે. પોતાનું ઘર તો બંધાયું જ ન હતું, પરંતુ બીજી કોઈ સ્ત્રીનું ઘર ન બંધાય એવું નંદિતા ઈચ્છતી ન હતી એટલે એણે કકળાટ કર્યા વિના પતિને છૂટાછેડા આપી દીધા.

પણ સસરા એ બાબતથી છંછેડાયા, દીકરા પર ઉકલ્યા જે કારણે દીકરો બાપથી અલગ થઈ ગયો.

પોતાનું એકલાપણું એણે દબાવી દીધું ને એકલવાયા વૃદ્ધને સાધિયારો આપ્યોજ. એક સંવેદનશીલ પળે એ બોલી, 'ચિંતા ના કરશો, પપ્પાજી. હું તમારી સાથે છું. અને હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી તમારી સાથે જ રહીશ, તમારા માટે જમવાનું હું જ બનાવીશ.'

આંસુથી છલકાતી સસરાની આંખો પછી સાગર બની ગઈ. પણ એ અનુભવી માણસ લાગણીમાંય ભાન સાચવી શકે એમ હતા. એમણે કહ્યું, 'એક શરતે. તને યોગ્ય પાત્ર મળે ત્યારે તારે પરણી જવાનું. મારું જીવન સાચવવા ને મારા માટે ભોજન બનાવવા માટે તારે આખી જિંદગી એકલા રહેવું પડે એ મને મંજૂર નથી.'

નંદિતાએ એ શરત મંજૂર રાખી. ટૂંકમાં, નંદિતા આ શહેરમાં હોય ત્યાં સુધી સસરા માટે ભોજન બનાવીને મોકલશે એવી શરત સસરા-વહુ વચ્ચે - સૉરી, ઍક્સ સસરા અને વહુ વચ્ચે નક્કી થઈ ને નંદિતાએ એકલપંડે જીવનની નાવ હંકારી.

એ સફરમાં એને નંદિશ મળ્યો, બંનેએ એકબીજાને પસંદ કર્યા ને પરણી ગયા.

હવે તો એના ઍક્સ સસરા આ દુનિયામાં નથી, પણ નંદિશે પોતાનો બોલ એ જીવ્યા ત્યાં સુધી પાળ્યો. એણે નંદિતાના ઍક્સ સસરા માટે ટિફીન બાબતે ક્યારેય તકરાર ન કરી. અને એ ઍક્સ સસરા જીવ્યા ત્યાં સુધી એમના માટે ભોજન નંદિતાએ પોતાના હાથે તૈયાર કરીને મોકલાવ્યે રાખ્યું.

ઍક્સ સસરા મરણપથારીએ હતા ત્યારે કૃતજ્ઞતાપૂર્વક બોલ્યા હતા : 'આ જન્મે તો તારો જુદારો જીરવી જાઉં છું પણ આવતે જન્મે મારે ઘ